ESSAR OIL

## PRESS COVERAGE:

**PUBLICATION NAME: JAI HIND (GUJARATI DAILY)**
**CITY:** JAMNAGAR
**DATE:** 16-05-2018
**PAGE NO.** 09
**TOTAL SQ. CM.** 166
**TITLE:** ***Launch of Nutrition Support Program- A Joint Initiative of Essar Oil and RNTCP Dwarka***

---



ખંભાળિયામાં ટીબીના દર્દીઓને ન્યુટ્રીશન કીટ વિતરણ કરાઈ.
(ફોટો: કુંજન રાડિયા-ખંભાળિયા)

# ખંભાળિયામાં ટીબીના દર્દીઓ માટે ન્યુટ્રીશન સપોર્ટ કાર્યક્રમ યોજાયો

## જિલ્લાના ૩૩ દર્દીઓએ લાભલીધો

ખંભાળિયા, તા.૧૫

સરકાર દ્વારા દરેક જિલ્લામાં બે તાલુકાઓને ટીબી મુકત કરવા માટે નકકી કરવામાં આવેલ છે. જેમાં દેવભૂમિ દ્વારકામાં ભાણવડ અને કલ્યાણપુર તાલુકા સૌ પ્રથમ ટીબી મુકત કરવા જણાવવામાં આવેલ છે. જે અંતર્ગત આજરોજ મંગળવારે ખંભાળીયા ખાતે આહિર સમાજવાડીમાં એસ્સાર ઓઇલ કંપની સીએસઆરના સહયોગથી જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા ટીબીના દર્દીઓને ન્યુટ્રીશન કીટ (ચોખા, મલ્ટીગ્રેના આટા, મુંગદાલ, ચીક પીસ ઓઇલ અને જેગ્રી) આપવા માટે ન્યુટ્રીશન સપોર્ટ પ્રોગ્રામ કલેકટર જે.આર. ડોડીયાના અધ્યક્ષ સથાને યોજાયો હતો. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આશરે ૨૯૦ દર્દીઓને એક થી આઠ માસ માટે અંદાજિત રૂા. ૯૯૫/-ની જરૂરી કીટ એસ્સાર ઓઇલ કંપનીના સીસઆર દ્વારા આપવાનું નકકી થયેલ છે. જેના માટે એસ્સાર ઓઇલ કંપની દ્વારા અંદાજે રૂા.૧૬ લાખ મળેલ છે. આ પ્રસંગે જિલ્લા કલેકટરે જણાવ્યું કે આપણે જો પોલીયો મુકત ભારત બનાવી શકયા હોયે તો ટીબી મુકત કેમ ન બનાવી શકીએ. સરકારના પ્રયત્નો, એનજીઓનો સહયોગ અને લોકોની જાગૃતિથી આ શકય જ છે. ન્યુટ્રીશન સપોર્ટ મળતા દર્દીઓ સમયસર દવા લેવા પ્રેરાસે તથા દવા વધુ અસરકારક નિવડશે. તેમણે તમામ ઉપસ્થિત ટીબીના દર્દીઓને આનો વધુમાં વધુ લાભ લઇ તેનો સદઉપયોગ કરવા જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ ધ યુનિયન, દિલ્હીના રીજયોનલ ડાયરેકટર ડો. જેમી તોન્સીગિ જણાવ્યું કે વિશ્વએ જે ટાર્ગેટ આપ્યો છે એનાથી પાંચ વર્ષ પહેલા આપણે ટીબીને નાબુદ કરીશું. ન્યુટ્રીશન દર્દી માટે બહુ સારી વસ્તુ છે. સરકારના આ કાર્યમાં એનજીઓનો સહકાર મળી રહે તો ટીબી નાબુદ કરવી અશકય નથી. સ્ટેટ ટીબી ટ્રેનીંગ સેન્ટર અમદાવાદના ડો. જીજ્ઞેશ પટેલે કહયું કે એપ્રિલ-૨૦૧૮ થી સરકારશ્રી દ્વારા ટીબીના દરેક દર્દિને રૂા.૫૦૦/- લેખે જયાં સુધી દવા ચાલુ હોય ત્યાં સુધી આપવામાં આવે છે. ઘણા દર્દીઓએ આ સહાયનો લાભ લીધો છે.

જિલ્લામાં ટોટલ ૩૩ વ્યકિતઓની તપાસ કરવામાં આવી અને તેમાં ૬ કેસો પોઝીટીવ આવેલ છે અને આ ૬ પૈકી ૧ ગંભીર પ્રકારનો ટીબીનો દર્દી મળેલ છે.

આ કાર્યક્રમમાં એસ્સાર ઓઇલમાંથી દિપક અરોરા, અવધેશ પાઠક, દિપેન્દ્રસીંગ પરીહાર, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી સીંગ, જનરલ હોસ્પીટલના સુપ્રીન્ટેન્ડન્ટ જોશી, આરોગ્ય વિભાગના કર્મચારીઓ તથા ટીબીના દર્દીઓ ઉપસ્થિત હતા.